## ૧૧ ઓગસ્ટ ૨૦૧૯ – ઉત્તર પેપર - ગુણ - ૧૦૦

## સર્ટીફીકેટ કોર્સ શ્રેણી – ૧૫

**પ્રશ્ન ૧.** **(૪૦)**

**(ક) પ્રાસ્તાવિક ગાથા અને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના આધારે નીચેની ગાથાઓ ભાવાર્થ સાથે લખો (કોઇપણ ૬)(૧૮)**

૧) ઉમ્મુંચ પાસં ઈહ મચ્ચિએહિં, આરંભજીવી ઉભયાણુપસ્સી ।
કામેસુ ગિદ્ધાણિચયં કરંતિ, સંસિચ્ચમાણા પુણરિંતિ ગબ્ભં ।।
ભાવાર્થ :- આ સંસારમાં મનુષ્ય આદિ સ્વજનના બંધનોને તોડ, કારણકે શારીરિક અને માનસિક સુખનો કામી, આરંભ, સમારંભ કરીને જીવનાર, કામભોગોમાં આસક્ત રહેનાર, પાપકર્મનો સંચય કરે છે, કર્મ સંગ્રહ થવાથી ફરી ફરીને ગર્ભમાં આવી જન્મ-મરણ કરે છે.

૨) અપુવ્વ નાણગ્ગહણે, સુયભત્તી પવયણે પભાવયણા ।
એએહિં કારણેહિં, તિત્થયરતં લહઈ જીવો ।।
ભાવાર્થ :- (૧) નવું નવું અપૂર્વ જ્ઞાન ભણવાથી (૨) સૂત્ર સિધ્ધાંતની ભક્તિ (સેવા) કરવાથી (૨) પ્રવચન પ્રભાવના કરવાથી (મિથ્યાત્વ નાશ અને સમક્તિ ઉદ્યોત કરવાથી), જીવો તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે.

૩) જેડસંખયા તુચ્છ પરપ્પવાઈ, તે પિજ્જ-દોસાણુગયા પરજ્ઝા ।
એ એ અહમ્મેત્તિ દુગુંછમાણો, કંખે ગુણે જાવ શરીર ભેએ ।।
ભાવાર્થ :- જે અસંસ્કૃત, અંતઃકરણની શુદ્ધિથી રહિત, હલકા, પર નિંદા કરવાવાળા, રાગ-દ્વેષમાં અનુરકત, પૂર્વકૃત કર્મથી પરાધીન છે તેઓ અધર્મના હેતુ છે. એવું જાણી તેમના તરફ દુર્લક્ષ કરી જ્યાં સુધી શરીરનો અંત થાય નહીં ત્યાં સુધી સમ્યક્દર્શન આદિ ગુણોની આકાંક્ષા કરતો વિચરે.

૪) એસ ધમ્મે ધુવે નિચ્ચે, સાસએ જિણદેસિએ ।
સિધ્ધા સિજ્ઝંતિ ચાણેણં, સિજ્ઝિસ્સંતિ તહાવરે ।।
ભાવાર્થ :- આ બ્રહ્મચર્યરૂપ શીલધર્મ ધ્રુવ, નિત્ય, શાશ્વત છે. જિનેશ્વર ભગવંત દ્વારા ઉપદેશાયેલ છે જેનું પાલન કરવાથી અનેક જીવોએ ભૂતકાળમાં સિદ્ધિને મેળવી છે, વર્તમાને પણ અનેક જીવો સિદ્ધિ પામે છે તથા ભવિષ્યમાં અનેક જીવો સિદ્ધિ પ્રાપ્ત કરશે.

૫) માત-પિતા કુળ જાત નિર્મળ, રૂપ અનુપમ વખાણીએ ।
દેવતાને વલ્લભ લાગે, એવા જંબુસ્વામીને જાણીએ ।।
ભાવાર્થ :- શ્રી સુધર્મા સ્વામીના શિષ્ય શ્રી જંબુસ્વામી નિર્મળ જાતિ તથા કુળ સંપન્ન હતા (માતૃપક્ષને જાતિ અને પિતૃ પક્ષને કુળ કહે છે.) તેઓ અનુપમ તેજ, કાંતિથી યુક્ત હતા. તેઓના દર્શન દેવોને પણ વલ્લભ-ઇષ્ટ, કાંત અને પ્રિય હતા. (આ પાંચમાં આરાના અંતિમ કેવળી હતા)

૬) તેણે જહા સંધિમુહે ગહિએ, સકમ્મુણા કિચ્ચઈ પાવકારી।
એવં પયાપેચ્ચ ઈહં ચ લોએ, કડાણ કમ્માણ ણ મોકખ અત્થિ ।।
ભાવાર્થ :- જે પ્રકારે સંધિમુખ, ખાતર (બાકોરું)ના મુખને વિષે પકડાયેલો ચોર પોતાના જ પાપકર્મે કરી પીડાય છે. તે જ રીતે આ જીવ, આ લોક તથા પરલોકને (નરક આદિ) વિષે પોતાના કરેલા (સ્વયંકૃત) કર્મોથી દુઃખી થાય છે. કારણકે ફળ ભોગવ્યા વિના, કરેલાં કર્મોથી છૂટકારો થતો નથી.

૭) મંદા ય ફાસા બહુલોહણિજ્જા, તહપ્પગારેસુ મણં ન કુજ્જા ।
રકખેજ્જ કોહં વિણએજ્જ માણં, માયં ન સેવેજ્જ પહેજ્જ લોહં।।
ભાવાર્થ :- વિવેક બુદ્ધિને મંદ કરનારા, મનને ઘણાં લોભામણા, આકર્ષક સ્પર્શ આદિ વિષયોને મનથી પણ ન ઇચ્છે. ક્રોધને શાંત કરે, માનને વિનયથી દૂર કરે, માયાનું સેવન ન કરે તતા લોભને પણ ત્યાગે.

**(ખ) નીચેના પ્રશ્નોના જ્વાબ લખો.** **(૧૪)**

૧) પ્રત્યાખ્યાન દ્વારા કોઈ શ્રાવક બને અથવા સાધુ બને, આમ 'સંયમ ફળ' મળે આ ગાથા શ્રી ભગવતી સૂત્ર શતક-૨, ઉદ્દેશ-૫ના આધારે છે.

૨) લબ્ભંતિ વિમલાભોએ, લબ્ભંતિ સુરસંપયા।
લબ્ભંતિ પુત્તમિત્તં ચ, એગો ધમ્મો ન લબ્ભઈ ।।

૩) પ્રમાદી-અધર્મી જીવોને ધન આદિના અનંત મોહને કારણે સ-જ્ઞાન-દર્શન રૂપ દીપક બુઝાઈ જતાં, મોક્ષ માર્ગ દેખાતો નથી.

૪) બ્રહ્મચર્ય, નરક અને તિર્યંચગતિ રૂપ દુર્ગતિને રોકનાર માર્ગ છે. આ ગાથા શ્રી પ્રશ્ન વ્યાકરણસૂત્ર, શ્રુતસ્કંધ-૨, દ્વાર-૪ની છે.

૫) પ્રતિહાર્ય એટલે વિશિષ્ટ પુણ્યના ઉદયે મળેલી ઋદ્ધિ તે ૮ છે. ૩ દિવ્ય ધ્વનિ, ૭ - દેવદુંદુભિ.

૬) સાધક મૃત્યુના અવસરે જ્ઞ પરિજ્ઞા દ્વારા શરીરને ધર્મ સાધનને અયોગ્ય સમજીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા દ્વારા આહારનો ત્યાગ કરી, મળ - મૂત્રથી ભરેલા ઔદારિક શરીરનો ત્યાગ કરે.

૭) ખિપ્પં ન સક્કેઈ વિવેગમેઉં, તમ્હા સમુટ્ઠાય પહાય કામે।

સમિચ્ચ લોગં સમયા મહેસી, આયાણુ રકખી ચરેડપ્પમત્તો।।

**(ગ) નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો.** **(૪)**

(૧) વિવજ્જિય - રોકનાર (૨) અણાઈલ - નિર્મળ (૩) પડિલેહ - સમન્વય કર (૪) પહાય - છોડીને (૫) પરમંત્તિ-મોક્ષમાર્ગને (૬) પુવ્વાંઈ - પૂર્વ (૭) પુપ્ફવાસા - પુષ્પની સુગંધ (૮) પાસ - જાળ, જુઓ

**(ઘ) નીચેના શબ્દોના માગધી લખો. (કોઈ પણ ૪ લખો)** **(૪)**

(૧) શરૂઆતથી - પુવ્વં (૨) એવો મત - એસો વમા (૩) પામે છે - સિજ્ઝંતિ (૪) મોક્ષાર્થી - મહેસી

**પ્ર. ૨ છ લેશ્યાના આધારે જ્વાબ લખો.** **(૧૫)**

૧) નામાઇં વણ્ણ રસ ગંધ ફાસ પરિણામ લકખણં ।
ઠાણં ઠિઇં ગઇં ચાઉં, લેસાણં તુ સુણેહ મે ।।

૨) કષાય અને યોગની પ્રવૃત્તિથી ઉદભવતા આત્માના શુભ-અશુભ પરિણામને લેશ્યા કહે છે. જેના દ્વારા આત્મા કર્મોથી લેપાય છે તે લેશ્યા. લેશ્યાના બે પ્રકાર છે. દ્રવ્ય લેશ્યા, ભાવ લેશ્યા.

૩) નીલ લેશ્યાનો રસ - જેવો શંખ, જેવું અંકરત્ન, જેવું મોગરાનું ફૂલ, જેવું ગાયનું દૂધ, જેવો રૂપાનો હાર તેથી અનંતગુણો અધિક શ્વેત વર્ણ છે.

૪)

| | | |
|---|---|---|
| કૃષ્ણ લેશ્યા | જઘ અંતઃમુહુર્ત | ઉત્કષ્ટ |
| અંતઃમુહુર્ત | ૩૩ સારોપમને અંતઃમુહુર્ત અધિક | |
| નીલ લેશ્યા | અંતઃમુહુર્ત | ૧૦ સાગરને પલ્યનો અસંખ્યાત્મો ભાગ |
| કાપોત લેશ્યા | અંતઃમુહુર્ત | ૩ સાગરને પલ્યનો અસંખ્યાત્મો ભાગ |
| તેજો લેશ્યા | અંતઃમુહુર્ત | ૨ સાગરને પલ્યનો અસંખ્યાત્મો ભાગ |
| પદ્મ લેશ્યા | અંતઃમુહુર્ત | ૧૦ સાગરને અંતઃમુહુર્ત અધિક |
| શુક્લ લેશ્યા | અંતઃમુહુર્ત | ૩૩ સાગરને અંતઃમુહુર્ત અધિક |

૫) બાદર પૃથ્વી, અપકાય અને વનસ્પતિકાયના અપર્યાપ્તામાં ૪ લેશ્યા તે કૃષ્ણ, નીલ, કાપોત, તેજો અને પર્યાપ્તામાં ત્રણ લેશ્યા કૃષ્ણ, નીલ, કાપોત, તેઉ - વાયુકાયના અપર્યાપ્તા - પર્યાપ્તામાં ત્રણ લેશ્યા કૃષ્ણ, નીલ, કાપોત.

૬) કોઈ પણ લેશ્યાના પ્રથમ પરિણમન સમયે જીવનું ચ્યવન કે ઉત્પન્ન થતું નથી.

૭) ઋષભદેવ સ્વામી - અલેશી છે
ઋષભાનન સ્વામીને - પરમ શુક્લ લેશ્યા સ્થિતિ જઘ-અંતઃમુહુર્ત
ઉત્કૃષ્ટ - ક્રોડ પૂર્વ વર્ષમાં દેશે ઉણી

૮) (૧) તેજો લેશ્યા (૨) શુક્લ લેશ્યા (૩) પદમ લેશ્યા.

**પ્ર. ૩ અષ્ટ પ્રવચન માતાના આધારે લખો. (૧૫)**

૧) ગુપ્તિ એટલે ગોપવવું, બુદ્ધિ અને શ્રદ્ધાપૂર્વક મન, વચન, કાયાને ઉન્માર્ગથી રોકવા તથા આત્મગુણોની રક્ષા કરવી તે ગુપ્તિ.
શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર - અધ્યયન - ૨૪ નો અધિકાર છે.

૨) ૪૨ દોષ તે ૧૬ ઉત્પાદનના, ૧૬ ઉદ્‌ગમના, ૧૦ એષણાના તથા, ૯૬ દોષ ટાળીને નિર્દોષ આહાર ગ્રહણ કરે. આ એષણા સમતિનો પહેલો ભેદ દ્રવ્યથી છે.

૩) ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, ભય, વાચાળતા અને વિકથા આ આઠ ભાષાના દોષ છે અને પરિમિત ભાષા બોલે. તેમાં ઉપયોગ કે એકાગ્રતા રાખ્યા વિના સાધુ નિરવદ્ય અને પરિમીત ભાષા બોલે.

૪) ૧. ઇરિયા સમિતિ, ક્ષેત્રથી, ધુંસરી (૩।। / ૪ હાથ) પ્રમાણ જમીન આગળ જોતો ચાલે.
૪ આદાન ભંડમત્ત નિકખેવણિયા સમિતિ -
ક્ષેત્રથી ઉપકરણો વ્યવસ્થિત રાખે જેમ તેમ વિખલ - પીંખણ ન રાખે.

૫) મન ગુપ્તિ ભાવથી - વિષય કષાય, આર્ત-રૌદ્ર ધ્યાન, રાગ-દ્વેષમાં મન ન પ્રર્વતાવે.
વચન ગુપ્તિ દ્રવ્યથી - ચાર વિકથા ન કરે
કાયગુપ્તિ કાળથી - જાવજીવ સુધી

૬) દ્રવ્યથી ૧૦ પ્રકારના સ્થાનમાં પરઠે નહીં. છેલ્લા ચાર નામ (૧) તરતની અચિત્ત ભૂમિ પર (૨) નગર-ગામની નજીકમાં (૩) લીલ-ફૂગ હોય ત્યાં (૪) જીવોના બીલ (દર) હોય ત્યાં

૭) ભાષા સમિતિ - ભાવથી
આદાન ભંડમત્ત નિકખેવણિયા સમિતિ - ભાવથી
ઇરિયા સમિતિ - યત્ના - ભાવથી

**પ્ર. ૪ સામાયિક - પ્રતિક્રમણના આધારે જવાબ લખો. (૧૦)**

**૧. નીચેના પાઠની પૂર્તિ કરો. (૩)**

તં ધમ્મં સદ્દહામિ પત્તિઆમિ રોએમિ ફાસેમિ પાલેમિ અણુપાલેમિ તં ધમ્મં

**૨. નીચેનાનું ગુજરાતી લખો. (૨૧/૨)**

(૧) અભિથુઆ - સ્તુતિ કરાયેલા (૨) મણામં - મનને અતિ વહાલુ (૩) બોહિ ઉવસંપજ્જામિ - સમ્યક્ત્વ કાર્યને સ્વીકારું છું (૪) ઝૂસણા - સેવવાના (૫) અણુજાણહ - આજ્ઞા આપો

**૩. નીચેનાનું માગધી લખો (૨૧/૨)**

૧) રૌદ્ર ધ્યાન કરવાથી - રૂદ્દેણ ઝાણેણં
૨) સ્થિર સ્વરૂપ - મયલ
૩) મિથ્યાત્વના મતની ઇચ્છા કરવી - કંખા
૪) જુગુપ્સા કરીને - દુર્ગછિય
૫) પાત્ર વસ્ત્ર આદિ ઉપધીની - ભંડોવગરણસ્સ

૪. હાલ ભરત-ઇરવત ક્ષેત્રમાં અરિહંત ભ. નથી. પરંતુ મહાવિદેહ ક્ષેત્રમાં જઘ-૨૦ તીર્થંકર છે તે એવી રીતે કે મહાવિદેહની ૩૨ વિજય છે તેમાંથી ૪ વિજય (૮,૯,૨૪,૨૫) માં જ તીર્થંકર ભ. છે આવા ૫ મહાવિદેહ ક્ષેત્ર છે તેથી હાલ ૫x૪=૨૦ તીર્થંકર છે. ઉ-૧૬૦ અથવા ૧૭૦ તે એવી રીતે કે મહાવિદેહની ૩૨ વિજય છે બધામાં તીર્થંકર ભ. હોય તો ૫ મહાવિદેહમાં ૩૨x૫=૧૬૦ તીર્થંકર થાય તે જ વખતે ૫ ભરત અને ૫ ઈરવતમાં પણ તીર્થંકર ભ. હોય તો ૧૬૦+૫+૫=૧૭૦ તીર્થંકર થાય. આવી રીતે ઉ-૧૬૦ અથવા ૧૭૦ તીર્થંકર ભ. હોય.

**પ્ર. ૫ મોટા માંગલિકના આધારે જવાબ લખો. (૫)**

૧) પ્રભુ જેવું પરમ જ્ઞાન, પરમ દર્શન, પરમ ચારિત્ર, પરમ સુખ, પરમ શાંતિ અને પરમ આનંદ કરવાને માટે ચાર શરણા લેવાના છે.
૨) પ્રભુ જેવા ઉજ્જવળ, નિર્મળ, નિર્મોહી, નિર્દોષ, નિર્વિહારી બનીશું
૩) સાધુનું શરણુ - સંયમમાં શૂરવીર બનવા લેવાનું છે.
૪) કુબુદ્ધિ, કુટેવ, કુસંસ્કાર

**પ્ર. ૬ ભકતામરના આધારે જવાબ લખો. (૧૫)**

**ક) નીચેની ગાથા ભાવાર્થ સાથે પૂર્ણ કરો. (૧૨)**

૧) સ્વર્ગાપવર્ગગમ માર્ગ - વિમાર્ગણેષ્ટ,
સદ્દધર્મ-ત્વકથનૈક - પટુસ્ત્રિલોકયામ ।
દિવ્યધ્વનિ - ર્ભવતિ તે વિશદાર્થ સર્વ,
ભાષા - સ્વભાવ - પરિણામ - ગુણૈ: પ્રયોજ્ય: ।।

**ભાવાર્થ :** હે પ્રભુ ! આપની અલૌકિક વાણી દેવલોક અને મોક્ષ માર્ગને બતાવવામાં સહાયક છે. ત્રણે લોકના સત્ય ધર્મના રહસ્યને કહેવામાં અદ્વિતિય, નિપુણ અને કુશલ છે. પદાર્થના વિસ્તૃત, સ્પષ્ટ અર્થ બતાવવામાં તથા સર્વ ભાષાઓના ગુણોને પરિણમન કરી શકે તેવા ગુણોથી યુક્ત છે.

૨) ઉચ્ચૈર-શોક-તરુસંશ્રિત મુન્મયૂખ –
માભાતિ રૂપ મમલં ભવતો નિતાન્તમ્ ।
સ્પષ્ટૌલ્લસત્કિરણમસ્ત તમો વિતાર્ન,
બિમ્બં રવેરિવ પયોધર પાર્શ્વવર્તિ ।।

**ભાવાર્થ :-** હે પ્રભુ ! ઊંચા અશોક વૃક્ષની આશ્રયે બિરાજેલુ, ઉંચે જતાં કિરણો વડે શોભતુ આપનું નિર્મળ સ્વરૂપ, મેઘ મંડળની પાસે અત્યંત ચમકી રહેલાં અને અંધકારના સમૂહને નાશ કરનારા એવા સૂર્ય બિંબ સમું ઘણું શોભે છે.

૩) સિંહાસને મણિમયૂખ શિખાવિચિત્રે,
વિભ્રાજતે તવ વપુ: કનકાવદાતમ,
બિંબ વિયદ્દ વિલસદંશુલતા વિતાનં,
તુંગોદયાદ્રિશિરસીવ સહસ્તર રશ્મૈ: ।।

**ભાવાર્થ :** હે ભગવાન ! જેવી રીતે ઊંચા હિમાલય પર્વતના શિખર ઉપર આકાશમાં લતાના સમૂહની જેમ ફેલાતા પ્રકાશમય કિરણોથી સૂર્યનું બિંબ શોભે છે. તેમ ઊંચે વિવિધ રંગના કિરણો વેરતા મણિમય સિંહાસનને વિષે આપનું સુવર્ણ સમાન દેદિપ્યમાન શરીર શોભી રહ્યું છે.

**ખ)** બુધ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિત બુધ્ધિ-બોધાત,
ત્વં શંકરોડસિ ભુવનત્રય શંકરત્વાત્ ।
ધાતાસિ ધીર। શીવમાર્ગ - વિધેર્વિધાનાત્,
વ્યકતં ત્વમેવ ભગવન્ । પુરુષોત્તમમોડસિ ।।

ગ) મન્દાર, સુન્દર, નમેરુ, સુપારિજાત, સંતાનક નામના વૃક્ષોના ફૂલો દેવલોકમાં થાય છે.

## અથવા.

**પ્ર.૬ વાર્તાના આધારે વાબ લખો. (૧૫)**

૧) કેકયાર્ધ દેશ વૈભવશાળી મહેલોથી યુક્ત, કોઈપણ પ્રકારના ભય રહિત, સમૃદ્ધ, ધન-ધાન્યતી ભરપૂર હતો. દરેક ઋતુમાં ફળ, ફૂલથી યુક્ત રમણીય, નંદનવન સમાન, મનને પ્રસન્ન કરવાવાળો અને ખૂબ મનોહર હતો. તે કેકયાર્ધ દેશમાં શ્વેતાંબિકા નામે નગરી હતી. તે પણ ઉપર કહ્યા પ્રમાણે ઋદ્ધિ સંપન્ન હતી.

૨) પરદેશી રાજાના સારથી જે તેમના મિત્ર જેવા હતા તેનું નામ ચિત્ત હતું. તે પણ ઘણો ઋધ્ધિ સંપન્ન હતો. રાજાના ઘણાં રાજ કાર્યમાં, ગુપ્ત કાર્યોમાં, નિર્ણય લેવાના કામો વગેરેમાં તેની સલાહ લેવામાં આવતી હતી. રાજાએ તેમને શ્રાવસ્તી નગરીમાં મોકલ્યા.

૩) જીવ અગુરુલઘુ છે તેનું કોઈ વજન નથી તે ફુગ્ગાના દૃષ્ટાંતથી સમજાય. જીવ અદૃશ્ય છે - કઠિયારાના દૃષ્ટાંતતી સમજાય છે.

૪) વ્યવહાર ૪ પ્રકારના છે.

(૧) કોઈ કોઈને દાન આપે છે પણ સાદી ભાષામાં બોલતો નથી.

(૨) કોઈ સંતોષજનક વાત કરે છે પણ દાન આપતા નથી.

(૩) કોઈ આપે પણ છે અને લેવાવાળા સાથે સંતોષજનક વાત પણ કરે છે.

(૪) કોઈ આપતું પણ નથી અને સંતોષજનક વાત પણ કરતું નથી.

૫)(૧) જે વ્યક્તિ ગોચરી માટે ગયેલ સાધુ સંતોને વંદન નમસ્કાર કરે છે. તેમને ચાર પ્રકારના આહારનું દાન દઈ પ્રતિલાભિત કરે છે, અર્થ આદિ પૂછે છે તે.

(૨) જે વ્યક્તિ સાધુ-શ્રમણનો ભેટો થવા પર પોતાની જાતને કોઈપણ રીતે છુપાવતો નથી તે.

૬) ચિત્ત સારથીએ રક્ષકોને બોલાવીને કહ્યું કે જ્યારે ભ. પાર્શ્વનાથની પરંપરાના કેશીકુમાર શ્રમણ અહીં પધારે ત્યારે તેમને વિના વિલંબે જાણ કરવી તેવી સૂચના આપી. કેશી કુમાર શ્રમણ પાસેથી ચિત્ત સારથીએ શ્રાવકના ૧૨ વ્રત ધારણ કર્યા.

૭) પરદેશીએ ચિત્તને પુછ્યું કે ''આ પુરુષ આટલા માનવ સમુદાય વચ્ચે બેસીને શા માટે જોર જોરથી બોલી રહ્યો છે ? જડ પુરુષ જડ પુરુષની સેવા કરે છે જેને કારણે હું મારા જ પ્રદેશમાં સ્વેચ્છાપૂર્વક હરીફરી નથી શકતો મને જાણીને કહો કે આ પુરુષ કોણ છે ?

૮) (૧) આ ઉદ્યાન ભૂમિ આપની જ છે તે માટે અમારે કાંઈ કહેવું તે સાધુકલ્પ નથી

(૨) હે ભદંત મારા દાદા ખૂબ જ અધર્મી હતા ઘણાં પાપી હતા.

(૩) હે ભદંત ! આપ મને શરીરમાંથી જીવ કાઢી હાથમાં કમલ હોય તે રીતે બતાવી શકો ?

**જય-જિનેન્દ્ર**